<u>સિધ્ધપુર ના મે. એડી.ચીફ જ્યુ. મેજી. સાહેબની કોર્ટમા,મુ.સિધ્ધપુર.</u>

ફોજદારી કેસ નં. ૬૦/૨૦૨૬
આંક:-

ફરીયાદી :- શ્રી સરકાર

-:: <u>વિરુધ્ધ</u> :: -

આરોપી :- રાવળ વસંતભાઇ સોમાભાઇ

**ગુનો :- <u>બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબ.</u>**

**-:: <u>ઠ રા વ</u> ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમા વિગત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાના કબજાનુ વાહન જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો તેમજ માણસોને અડચણરુપ થાય તે રીતે ઉભુ રાખી પકડાઈ જઈ બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ તે અંગેનું ચાર્જશીટ પોલીસે તપાસના અંતે અત્રેની અદાલતમા રજુ કરેલ છે.
(૨) આરોપી આજ રોજ લોક અદાલતમાં હાજર રહેતા અને તેની સામેના ગુનાની કબુલાત કરતી લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને તેની સામેના ગુનાની હકીકત વાંચી સંભળાવી, સમજાવી આરોપીનુ પ્રાથમીક નિવેદન લેતા તેમાં પણ આરોપીએ તેની સામે આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે.
(૩) આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાત તેમજ ગુનાની ગંભીરતાને અને સંજોગોને ધ્યાને લેતા આરોપી ગરીબ વર્ગના ઈસમ છે તેમજ તેમનો પ્રથમ ગુનો છે તેમજ તેમનો ગુનો કબુલ મંજુર છે. તે સંજોગોમા આરોપીને હળવી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. જેથી ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>-:: હુ ક મ::-</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૫ અન્વયે તેની સામેના બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી રૂા.૨૫૦/- અંકે રૂપિયા બસો પચાસનો દંડ અને દંડ ના ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજાનો હુકમ કરવામા આવે છે.

આરોપીના જામીનખત તથા જાતમુચરકા રદ કરવા.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : સિધ્ધપુર.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સિધ્ધપુર.
કોડ નં.જીજે-૦૦૮૭૭